# દુઆએ ઇફ્તેતાહ

## - : પ્રકાશક : -

હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર
ફોનનંબર : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬ / ૨૪૨૩૭૪૬

… Kitab Downloaded from …

www.hajinaji.com

• Like us on Facebook •

www.facebook.com/HajiNajiTrust

# નોંધ.....

➔વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે **www.hajinaji.com** પર લોગ ઓન કરો.

➔કિતાબમાં કોઈ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.

**hajinajitrust@gmail.com**

# દુઆએ ઇફતેતાહ

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

શરૂ કરૂ છું અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

اَللّٰهُمَّ اِنِّي اَفۡتَتِحُ الثَّنَآءَ بِحَمۡدِكَ

અય અલ્લાહ ! ખરેખર હું તારી પ્રશંસા વડે વખાણની શરૂઆત કરૂ છું.

وَاَنۡتَ مُسَدِّدٌ لِلصَّوَابِ بِمَنِّكَ

અને તુ તારા એહસાન અને ઉદારતા વડે સીધા રસ્તા તરફ માર્ગદર્શન આપનાર છો.

وَاَيْقَنْتُ اَنَّكَ اَنْتَ اَرْحَمُ الرَّاحِمِيْنَ فِيْ مَوْضِعِ الْعَفْوِ وَالرَّحْمَةِ

અને હું યકીન રાખું છું કે તુજ નિઃશંકપણે માફી અને રહમતના મૌકાઓમાં રહમ કરનારાઓમાં સૌથી વધારે રહમ કરનાર છો.

وَاَشَدُّ الْمُعَاقِبِيْنَ فِيْ مَوْضِعِ النَّكَالِ وَالنِّقْمَةِ

અને શિક્ષા અને અઝાબના સમયે સૌથી સખત સજા કરનાર છો.

وَاَعْظَمُ الْمُتَجَبِّرِيْنَ فِيْ مَوْضِعِ الْكِبْرِيَآءِ وَالْعَظَمَةِ

અને ઉચ્ચતા તથા મહાનતામાં સૌથી વધારે બુઝુર્ગ છો.

اَللّٰهُمَّ اَذِنْتَ لِيْ فِيْ دُعَائِكَ وَمَسْئَلَتِكَ

અય અલ્લાહ ! તે મને તારી પાસે આજીજી કરવાની અને તારી પાસે માંગવાની પરવાનગી આપી છે.

فَاسْمَعْ يَا سَمِيْعُ مِدْحَتِيْ

તો પછી સાંભળી લે મારી પ્રશંસાને, અય બધુ જ સાંભળનાર !

وَاَجِبْ يَا رَحِيْمُ دَعْوَتِيْ

અને પૂરી કર મારી માંગણીઓને, અય ખૂબ જ દયાળુ !

وَاَقِلْ يَا غَفُوْرُ عَثْرَتِيْ

અને મારી ખતાઓ(ભૂલો)ને દરગુઝર કરી દે, અય ખૂબ જ માફ કરનાર

فَكَمْ يَا اِلٰهِيْ مِنْ كُرْبَةٍ قَدْ فَرَّجْتَهَا

અય મારા મઅબુદ ! કેટલીય એવી ગૂંચવાયેલી મુસીબતોને તે ઉકેલી દીધી,

وَهُمُوْمٍ قَدْ كَشَفْتَهَا

અને કેટલાય એવા ગમ અને વ્યાધિઓને તે હટાવી દીધા.

وَعَثْرَةٍ قَدْ اَقَلْتَهَا

અને કેટલીય એવી ભૂલો છે જેને તે દરગુઝર કરી દીધી

وَرَحْمَةٍ قَدْ نَشَرْتَهَا

અને કેટલીય એવી રહમત છે જેને તે ફેલાવી દીધી.

وَحَلْقَةِ بَلَآءٍ قَدْ فَكَكْتَهَا

અને કેટલીય એવી બલાઓ (મુસીબતો)ની સાંકળો છે જેને તે ખોલી નાખી.

اَلْحَمْدُ لِلَّهِ الَّذِي لَمْ يَتَّخِذْ صَاحِبَةً

وَلَا وَلَداً

(દરેક) વખાણ અલ્લાહ માટે છે, જેણે પત્નિ કે સંતાન અપનાવ્યા નથી.

وَلَمْ يَكُنْ لَهُ شَرِيكٌ فِي الْمُلْكِ

અને સૃષ્ટિમાં કોઈ તેનો ભાગીદાર નથી.

وَلَمْ يَكُنْ لَهُ وَلِيٌّ مِنَ الذُّلِّ وَكَبِّرْهُ

تَكْبِيراً

અને ન તો તેની નબળાઈના લીધે તેના કોઈ સાથી છે, તો પછી તેની પ્રશંસા કરો, ઉચ્ચ પ્રશંસા.

اَلْحَمْدُ لِلّٰهِ بِجَمِيْعِ مَحَامِدِهٖ كُلِّهَا عَلٰى جَمِيْعِ نِعَمِهٖ كُلِّهَا

(તમામ) વખાણ અલ્લાહ માટે છે તેની દરેક પ્રશંસા વડે તેની તમામ નેઅમતો ઉપર.

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِي لَا مُضَآدَّ لَهُ فِيْ مُلْكِهٖ

(દરેક) વખાણ અલ્લાહ માટે છે જેના રાજય (મુલ્ક)માં તેનો કોઈ વિરોધી નથી.

وَلَا مُنَازِعَ لَهُ فِيْ اَمْرِهِ

અને તેના હુકમમાં કોઈ તેની સામે દલીલ કરનાર નથી.

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَا شَرِيْكَ لَهُ فِيْ خَلْقِهِ

(તમામ) વખાણ અલ્લાહ માટે છે, જેનો તેની મખ્લુક(સર્જન)માં કોઈ ભાગીદાર નથી.

وَلَا شَبِيْهَ لَهُ فِيْ عَظَمَتِهِ

અને તેની ઉચ્ચતામાં તેની જેવો કોઈ નથી.

اَلْحَمْدُ لِلّٰهِ الْفَاشِيْ فِي الْخَلْقِ اَمْرُهٗ

وَحَمْدُهُ الظَّاهِرِ بِالْكَرَمِ مَجْدُهٗ

(તમામ) વખાણ અલ્લાહ માટે છે, જેનો હુકમ તેની મખ્લૂક ઉપર નાફીઝ (અમલીકરણ) છે. અને તેની પ્રશંસા તેના કરમથી દરેક ઉપર જાહેર થાય છે.

اَلْبَاسِطِ بِالْجُوْدِ يَدَهٗ

તેણે પોતાનો હાથ સખાવતની સાથે વિશાળ (ખુલ્લો) રાખ્યો છે.

الَّذِيْ لَا تَنْقُصُ خَزَائِنُهُ

તે કે જેના ખઝાના ઓછા થતાં નથી.

وَلَا تَزِيْدُهُ كَثْرَةُ الْعَطَآءِ اِلَّا جُوْداً وَكَرَماً

(બલ્કે) તેનું વિપુલતાથી અતા કરવું તેની ઉદારતા અને સખાવતમાં વધારો કરે છે.

اِنَّهُ هُوَ الْعَزِيْزُ الْوَهَّابُ

ખરેખર તે ખૂબ જ માનવંત અને ખૂબ જ આપનાર છે.

اَللّٰهُمَّ اِنِّي اَسْئَلُكَ قَلِيْلًا مِّنْ كَثِيْرٍ

અય અલ્લાહ ! ખરેખર હું તારી પાસે ખૂબ વધારેમાંથી માત્ર થોડાંની માંગણી કરૂ છું.

مَعَ حَاجَةٍ بِيْ اِلَيْهِ عَظِيْمَةٍ

પરંતુ મારે તે વસ્તુઓની ખૂબ જ વધારે જરૂરત છે.

وَغِنَاكَ عَنْهُ قَدِيْمٌ

જયારે કે તુ તો તેનાથી હંમેશ માટે બેનિયાઝ છો.

وَهُوَ عِنْدِيْ كَثِيْرٌ وَهُوَ عَلَيْكَ سَهْلٌ يَسِيْرٌ

અને તે મારા માટે ઘણું જ વધારે છે પરંતુ તે તારા માટે ખુબ જ સહેલુ અને આસાન છે.

اَللّٰهُمَّ اِنَّ عَفْوَكَ عَنْ ذَنْبِيْ

અય અલ્લાહ ! ખરેખર મારા ગુનાહો પ્રત્યે તારી માફી,

وَتَجَاوُزَكَ عَنْ خَطِيْئَتِيْ

અને મારી ભૂલો તરફ તારૂ નજરઅંદાજ કરી દેવું

وَصَفْحَكَ عَنْ ظُلْمِيْ

અને મારા ઝુલ્મની સામે તારૂં ભૂલાવી દેવું,

وَسِتْرَكَ عَلٰى قَبِيْحِ عَمَلِيْ

અને મારા ધૃણાસ્પદ કાર્યની સામે તારૂં છુપાવી દેવું

وَحِلْمَكَ عَنْ كَثِيْرِ جُرْمِيْ

અને મારા અઢળક ગુનાહોની સામે તારી ધીરજ

عِنْدَ مَا كَانَ مِنْ خَطَإِيْ وَعَمْدِيْ

એ સમયે કે જયારે જાણતા કે
અજાણતા(ગુનાહો) કર્યા હોય

اَطْمَعَنِيْ فِيْٓ اَنْ اَسْئَلَكَ مَا لَا اَسْتَوْجِبُهُ

مِنْكَ

મને એ લાલચ અપાવે છે કે હું તારા એ
કરમનો સવાલ કરૂં, જેનો હું લાયક નથી

# الَّذِي رَزَقْتَنِي مِنْ رَحْمَتِكَ

એ કે જેણે પોતાની રહમત વડે મને રિઝક અતા કર્યુ.

# وَارَيْتَنِي مِنْ قُدْرَتِكَ

અને તારી (સંપૂર્ણ) કુદરતથી મને દેખાડી દીધુ,

# وَعَرَّفْتَنِي مِنْ اِجَابَتِكَ

અને તારી સ્વીકૃતિથી મને ઓળખ કરાવી

# فَصِرْتُ اَدْعُوكَ اٰمِناً وَاَسْئَلُكَ مُسْتَاْنِساً

તેથી મેં ખૂબ જ નિર્ભયતાની સાથે દોઆ (અને) આજીજી શરૂ કરી દીધી છે અને અત્યંત લાગણીપૂર્વક માંગણી કરવા લાગ્યો છું

لَا خَآئِفاً وَلَا وَجِلًا

કોઈપણ ભય કે ખતરા વગર

مُدِلًّا عَلَيْكَ فِيْمَا قَصَدْتُ فِيْهِ اِلَيْكَ

બલ્કે ભરોસાની સાથે મારા હેતુને તારી સમક્ષ રજૂ કર્યો છે.

فَاِنْ اَبْطَاَ عَنِّيْ عَتَبْتُ بِجَهْلِيْ عَلَيْكَ

પછી જો મારી દોઆ કબૂલ થવામાં વાર લાગે છે, તો હું મારી અજ્ઞાનતાના કારણે તારી ઉપર આક્ષેપ કરવા લાગુ છું.

وَلَعَلَّ الَّذِيۤ اَبْطَاَ عَنِّيْ هُوَ خَيْرٌ لِيْ لِعِلْمِكَ بِعَاقِبَةِ الْاُمُوْرِ

અને કદાચ તેમાંજ મારા માટે ભલાઈ હોય છે, કારણ કે તમામ કાર્યોના અંજામથી તુ સારી રીતે માહિતગાર છો.

فَلَمْ اَرَ مَوْلىً كَرِيْماً

બસ ! મેં તારી જેવો કરીમ (ઉદાર) મૌલા નથી જોયો,

اَصۡبَرَ عَلٰى عَبۡدٍ لَئِيۡمٍ مِنۡكَ عَلَيَّ

જે તુચ્છ બંદા (ગુલામ)ને તારી જેમ સહન કરતો હોય

يَا رَبِّ اِنَّكَ تَدۡعُوۡنِيۡ فَاُوَلِّيۡ عَنۡكَ

અય મારા રબ ! ખરેખર તુ મને બોલાવો છો, તો હું તારાથી મોઢું ફેરવી લઉ છું.

وَتَتَحَبَّبُ اِلَيَّ فَاَتَبَغَّضُ اِلَيۡكَ

અને તુ મને મોહબ્બતનો ઈઝહાર કરો છો, પરંતુ હું તારી પ્રત્યે નફરતનો વર્તાવ જાહેર કરૂ છું.

وَتَتَوَدَّدُ اِلَيَّ فَلَآ اَقْبَلُ مِنْكَ كَاَنَّ لِيَ التَّطَوُّلَ عَلَيْكَ

અને તુ મારી સમક્ષ તારી મવદદતને દેખાડો છો, તો હું તેનો અસ્વીકાર કરૂં છું, જાણે કે મારો કોઈ ઉપકાર તારી ઉપર હોય

فَلَمْ يَمْنَعْكَ ذٰلِكَ مِنَ الرَّحْمَةِ لِيْ

وَالْاِحْسَانِ اِلَيَّ وَالتَّفَضُّلِ عَلَيَّ بِجُوْدِكَ

وَكَرَمِكَ

તેમ છતાં આ તમામ બાબતો રહમત અને એહસાન અને બક્ષીશને તારી સખાવત અને ઉદારતાના કારણે મારા સુધી પહોંચતા અટકાવતી નથી

فَارْحَمْ عَبْدَكَ الْجَاهِلَ وَجُدْ عَلَيْهِ

بِفَضْلِ اِحْسَانِكَ

તો પછી તારા જાહીલ બંદા ઉપર રહમ કર અને તારા વધારે એહસાન વડે તેના પર કરમ કર !

اِنَّكَ جَوَادٌ كَرِيْمٌ

ખરેખર તું ઉદાર, મહેરબાન છો.

اَلْحَمْدُ لِلّٰهِ مَالِكِ الْمُلْكِ

(સઘળા) વખાણ અલ્લાહ માટે છે, જે મુલ્કનો માલિક છે,

مُجْرِي الْفُلْكِ

કશ્તીઓને ચલાવનાર છે,

مُسَخِّرِ الرِّيٰاحِ

હવા ઉપર કાબુ ધરાવનાર છે,

فَالِقِ الاِصْبٰاحِ

(અંધારી રાતના પર્દાને ફાડીને) સુબ્હને રૌશન કરનાર છે,

دَيّٰانِ الدِّيْنِ

કયામતના દિવસનો બાદશાહ છે,

رَبِّ الْعٰالَمِيْنَ

દુનિયાઓનો પાલનહાર છે.

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى حِلْمِهِ بَعْدَ عِلْمِهِ

(તમામ) વખાણ અલ્લાહ માટે છે તેની સહનશીલતા પર, બધુ જ જાણતો હોવા છતાં પણ.

وَالْحَمْدُ لِلّٰهِ عَلٰى عَفْوِهِ بَعْدَ قُدْرَتِهِ

અને (તમામ) વખાણ એ અલ્લાહના છે તેના માફ કરવા ઉપર એ છતાં કે તે સંપૂર્ણ કુદરત રાખે છે.

وَالْحَمْدُ لِلّٰهِ عَلٰى طُوْلِ اَنٰاتِهٖ فِيْ غَضَبِهٖ

અને (તમામ) વખાણ અલ્લાહ માટે છે તેના ગુસ્સામાં લાંબી ઢીલ મૂકવા બદલ (જેથી બંદો તૌબા કરી લે)

وَهُوَ قَادِرٌ عَلٰى مَا يُرِيْدُ

જયારે કે તે જે કાંઈ ઈરાદો કરે છે, તે કરવા ઉપર સંપૂર્ણ કુદરત ધરાવે છે.

اَلْحَمْدُ لِلّٰهِ خَالِقِ الْخَلْقِ

(સઘળા) વખાણ અલ્લાહ માટે, (જે તમામ) મખ્લૂકનો સર્જનહાર (છે)

بَاسِطِ الرِّزْقِ

રોઝીની વહેંચણી કરનાર

فَالِقِ الْإِصْبَاحِ

સુબ્હને રૌશન કરનાર.

ذِي الْجَلَالِ وَالإِكْرَامِ وَالْفَضْلِ

وَالْاِنْعَامِ

પ્રભાવશાળી (અને) માનવંત ફઝલવાળો અને

નેઅમત આપનાર

الَّذِي بَعُدَ فَلَا يُرىٰ وَقَرُبَ فَشَهِدَ

النَّجْوىٰ

તે કે જે એટલો દૂર છે કે જોઈ પણ શકાતો નથી અને એટલો નજદીક છે કે દરેક ભેદનો પણ ગવાહ છે.

تَبَارَكَ وَتَعَالٰى

તે ઘણો બરકતવાળો અને સૌથી ઉચ્ચ છે.

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَيْسَ لَهُ مُنَازِعٌ يُعَادِلُهُ

(સઘળા) વખાણ અલ્લાહ માટે છે જેનો કોઈ હરીફ નથી કે તેનો મુકાબલો કરે

وَلَا شَبِيْهٌ يُشَاكِلُهُ وَلَا ظَهِيْرٌ يُعَاضِدُهُ

અને તેની સમાન કોઈ નથી જે તેની જેવા કાર્યો કરે અને તેની મદદ કરનાર પણ કોઈ નથી કે જે તેનો સાથ આપે

قَهَرَ بِعِزَّتِهِ الْأَعِزَّآءَ وَتَوَاضَعَ لِعَظَمَتِهِ الْعُظَمَآءُ

તે પોતાની શકિત વડે તમામ શકિતશાળીઓ ઉપર પ્રભુત્વ ધરાવે છે અને તેની ઉચ્ચતાના કારણે દરેક મોટાઓએ પોતાનું માથુ નમાવી દીધું છે.

فَبَلَغَ بِقُدْرَتِهِ مَا يَشَآءُ

તે પોતાની કુદરત વડે ઈચ્છે ત્યાં સુધી પહોંચ કરી શકે છે.

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِي يُجِيبُنِيْ حِيْنَ اُنَادِيهِ

(સઘળા) વખાણ અલ્લાહ માટે છે જને બોલાવું છું તો (તુરંત) જવાબ આપે છે.

وَيَسْتُرُ عَلَيَّ كُلَّ عَوْرَةٍ وَاَنَا اَعْصِيهِ

અને મારા દરેક ઐબને ઢાંકી દે છે, જયારે કે હું તેની નાફરમાની કરૂં છું

وَيُعَظِّمُ النِّعْمَةَ عَلَيَّ فَلاَ اُجَازِيْهِ

અને તે અમૂલ્ય રીતે નેઅમતો અતા કરે છે, (છતાં) હું તેનો બદલો પણ નથી આપતો.

فَكَمْ مِنْ مَوْهِبَةٍ هَنِيْئَةٍ قَدْ اَعْطَانِيْ

કેટલીય મનગમતી નેઅમતો જે તેણે મને અતા કરી છે.

وَعَظِيْمَةٍ مَخُوْفَةٍ قَدْ كَفَانِيْ

અને કેટલાય ચિંતાજનક કાર્યોમાં તે મારા માટે પૂરતો થઈ ગયો

وَبَهْجَةٍ مُونِقَةٍ قَدْ اَرٰانِيْ

અને કેટલીય દિલકશ ખુશીઓ મને દેખાડી

فَاُثْنِيْ عَلَيْهِ حٰامِداً

તો હું તેની હમ્દ કરતાં કરતાં વખાણ કરૂં છું,

وَاَذْكُرُهُ مُسَبِّحاً

અને તેને તસ્બીહ કરતાં કરતાં યાદ કરૂં છું.

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَا يُهْتَكُ حِجٰابُهُ

(સઘળા) વખાણ અલ્લાહ માટે છે જેની હુરમત તોડી શકાતી નથી

وَلَا يُغْلَقُ بَابُهُ

અને જેના દરવાજાને બંધ કરવામાં નથી આવતા.

وَلَا يُرَدُّ سَآئِلُهُ

જેની પાસે માંગનારને વંચિત (મહેરૂમ) રાખવામાં નથી આવતા

وَلَا يُخَيِّبُ اٰمِلُهٗ

અને જેની આશા રાખનારને નિરાશ કરવામાં નથી આવતો.

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ يُؤْمِنُ الْخَآئِفِيْنَ

(સઘળા) વખાણ અલ્લાહ માટે છે જે ખૌફઝદા (ભયભીત)ને અમ્ન (સલામતી) અતા કરે છે.

وَيُنَجِّي الصّٰالِحِيْنَ وَيَرْفَعُ

الْمُسْتَضْعَفِيْنَ

નેક લોકોને નજાતના રસ્તા ખોલી આપે છે
અને લાચારોને બુલંદી અતા કરે છે.

وَيَضَعُ الْمُسْتَكْبِرِيْنَ

અને અભિમાનીઓને પછાડી દે છે.

وَيُهْلِكُ مُلُوْكًا وَيَسْتَخْلِفُ اٰخَرِيْنَ

અને માલિકો(બાદશાહો)ને હલાક કરી દે છે અને તેની જગ્યાએ બીજાને લઈ આવે છે.

وَالْحَمْدُ لِلّٰهِ قَاصِمِ الْجَبَّارِيْنَ

અને (સઘળા)વખાણ અલ્લાહ માટે છે જે બળવાનોને તોડી નાખનાર,

مُبِيْرِ الظَّالِمِيْنَ

ઝાલીમોને પરાસ્ત કરનાર,

مُدْرِكِ الْهَارِبِيْنَ

ભાગનારને પકડમાં લઈ લેનાર,

نَكَالِ الظّٰالِمِيْنَ

ઝાલીમોને ઈબરતનાક સજા આપનાર

صَرِيْخِ الْمُسْتَصْرِخِيْنَ

ફરીયાદીઓની ફરીયાદને સંતોષનાર છે.

مَوْضِعِ حٰاجٰاتِ الطّٰالِبِيْنَ

માંગણી કરનારની હાજતો પૂરી થવાનું સ્થાન છે

# مُعْتَمَدِ الْمُؤْمِنِيْنَ

મોઅમીનો માટે ભરોસાપાત્ર મંજીલ છે.

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ مِنْ خَشْيَتِهٖ تَرْعُدُ

السَّمَآءُ وَسُكَّانُهَا

(સઘળા) વખાણ અલ્લાહ માટે છે કે જેના ડરથી આસ્માન અને આસ્માનના રહેવાસીઓ કાંપે છે.

وَتَرْجُفُ الْاَرْضُ وَعُمَّارُهَا

અને જમીન તથા તેના રહેવાસીઓ ધ્રુજી રહયા છે.

وَتَمُوْجُ الْبِحَارُ وَمَنْ يَسْبَحُ فِيْ غَمَرَاتِهَا

અને દરિયા અને તેની ઘનઘોર ઉંડાઈમાં વસનારા હડકંપ છે.

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ هَدَانَا لِهٰذَا

(દરેક) વખાણ અલ્લાહ માટે છે જેણે આપણને હિદાયત (અલ્લાહની મઅરેફત) આપી.

وَمَا كُنَّا لِنَهْتَدِيَ لَوْلَآ اَنْ هَدٰانَا اللّٰهُ

અને જો અલ્લાહે આપણને હિદાયત ન આપી હોત, તો કદાપિ આપણે હિદાયત ન પામત

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ يَخْلُقُ وَلَمْ يُخْلَقْ

(સઘળા) વખાણ છે એ અલ્લાહના જેણે (સર્વને) પેદા કર્યા અને તેને કોઈએ પેદા કરેલ નથી.

وَيَرْزُقُ وَلَا يُرْزَقُ

અને તે (સર્વને) રોઝી આપે છે અને તેને રોઝી આપવામાં આવતી નથી.

وَيُطْعِمُ وَلَا يُطْعَمُ

અને તે (બધાને) ખવડાવે છે અને તેને ખવડાવવામાં આવતુ નથી.

وَيُمِيْتُ الْأَحْيَآءَ وَيُحْيِ الْمَوْتٰى

અને તે જીવંતને મૌત આપે છે અને મુર્દાઓને જીવંત કરે છે.

وَهُوَ حَيٌّ لَا يَمُوْتُ بِيَدِهِ الْخَيْرُ

અને તે એવો જીવંત છે જેને કદી મૌત નથી અને ભલાઈ ફકત તેના હાથમાં છે.

وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

અને તે દરેક ચીજ ઉપર સંપૂર્ણ કુદરત ધરાવે છે.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ عَبْدِكَ وَرَسُوْلِكَ

وَاَمِيْنِكَ وَصَفِيِّكَ وَحَبِيْبِكَ

અય અલ્લાહ ! તારા બંદા, તારા રસુલ, તારા અમીન, તારા ચૂંટાયેલા અને તારા વહાલા મોહમ્મદ (સ.અ.વ.) ઉપર સલવાત મોકલ.

وَخِيَرَتِكَ مِنْ خَلْقِكَ

અને (જે) તારી મખ્લુકમાં સૌથી શ્રેષ્ઠ

وَحَافِظِ سِرِّكَ

અને તારા રહસ્યોનું રક્ષણ કરનાર

وَمُبَلِّغِ رِسَالاَتِكَ

અને તારા સંદેશાને પહોંચાડનાર (છે)

اَفْضَلَ وَاَحْسَنَ وَاَجْمَلَ وَاَكْمَلَ وَاَزْكٰى

وَاَنْمٰى وَاَطْيَبَ وَاَطْهَرَ وَاَسْنٰى وَاَكْثَرَ مَا

صَلَّيْتَ وَبَارَكْتَ وَتَرَحَّمْتَ وَتَحَنَّنْتَ

وَسَلَّمْتَ عَلٰى اَحَدٍ مِنْ عِبَادِكَ وَاَنْبِيَآئِكَ

وَرُسُلِكَ وَصِفْوَتِكَ وَاَهْلِ الْكَرَامَةِ عَلَيْكَ

مِنْ خَلْقِكَ

એવી સલવાત જે બેહતરીન, શ્રેષ્ઠ, ખૂબસૂરત, સંપૂર્ણ, સૌથી પવિત્ર, પાકીઝા, બુલંદ, ઘણી

વધારે, એવી સલવાત કે તે મોકલી હોય અને બરકત અતા કરી હોય અને રહમત નાઝીલ કરી હોય અને સલામ કરી હોય કોઈપણ નબીઓમાંથી, રસૂલોમાંથી, પસંદ કરેલા બંદાઓમાંથી કે જે તારી મખ્લૂકમાંથી માનનીય હોય, જેની ઉપર નાઝીલ કરી હોય.

اَللّٰهُمَّ وَصَلِّ عَلٰى عَلِيٍّ اَمِيْرِ الْمُؤْمِنِيْنَ

وَوَصِيِّ رَسُوْلِ رَبِّ الْعٰالَمِيْنَ

અય અલ્લાહ ! સલવાત મોકલ અલી (અ.સ.) ઉપર જે મોઅમીનોના અમીર છે અને

દુનિયાઓના પાલનહારના રસૂલના વારસદાર છે.

عَبْدِكَ وَوَلِيِّكَ وَاَخِيْ رَسُوْلِكَ وَحُجَّتِكَ

عَلٰى خَلْقِكَ

(જે) તારા બંદા, તારા વલી, તારા

રસુલ(સ.અ.વ.)ના ભાઈ અને તારી મખ્લુક

ઉપર તારી હુજ્જત છે.

وَاٰيَتِكَ الْكُبْرٰى وَالنَّبَاِ الْعَظِيْمِ

અને તારી મહાન નિશાની અને માનવંત ખબર છે.

وَصَلِّ عَلٰى الصِّدِّيْقَةِ الطَّاهِرَةِ فَاطِمَةَ

سَيِّدَةِ نِسَآءِ الْعٰالَمِيْنَ

અને સલવાત મોકલ સૌથી સાચા પવિત્ર

જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની ઉપર

જેઓ દુનિયાઓની (બધી) સ્ત્રીઓના સરદાર છે.

وَصَلِّ عَلٰى سِبْطَيِ الرَّحْمَةِ وَاِمَامَيِ الْهُدٰى

અને સલવાત મોકલ રસૂલ (સ.અ.વ.)ના બંને નવાસા ઉપર જેઓ હિદાયતના ઈમામ છે

اَلْحَسَنِ وَالْحُسَيْنِ سَيِّدَيْ شَبَابِ اَهْلِ الْجَنَّةِ

હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) (જેઓ) જન્નતના જવાનોના સરદાર છે.

وَصَلِّ عَلٰى اَئِمَّةِ الْمُسْلِمِيْنَ

અને સલવાત મોકલ મુસલમાનોના ઈમામો (અ.સ.) પર,

عَلِيِّ بْنِ الْحُسَيْنِ

અલી ઈબ્ને હુસૈન (અ.સ.) ઉપર

وَمُحَمَّدِ بْنِ عَلِيٍّ

અને મોહમ્મદ ઈબ્ને અલી (અ.સ.) ઉપર

وَجَعْفَرِ بْنِ مُحَمَّدٍ

અને જઅફર ઈબ્ને મોહમ્મદ (અ.સ.) ઉપર

وَمُوسَى بْنِ جَعْفَرٍ

અને મુસા ઈબ્ને જઅફર (અ.સ.) ઉપર

وَعَلِيِّ بْنِ مُوسىٰ

અને અલી ઈબ્ને મુસા (અ.સ.) ઉપર

وَمُحَمَّدِ بْنِ عَلِيٍّ

અને મોહમ્મદ ઈબ્ને અલી (અ.સ.) ઉપર

وَعَلِيِّ بْنِ مُحَمَّدٍ

અને અલી ઈબ્ને મોહમ્મદ (અ.સ.) ઉપર

وَالْحَسَنِ بْنِ عَلِيٍّ

અને હસન ઈબ્ને અલી (અ.સ.) ઉપર

وَالْخَلَفِ الْهَادِي الْمَهْدِيِّ

અને ઈમામોના વારસદાર, હાદી, મહદી

(અ.સ.) ઉપર

حُجَجِكَ عَلٰى عِبَادِكَ وَاُمَنَائِكَ فِيْ بِلَادِكَ

જેઓ (બધા) તારા બંદાઓ ઉપર તારી હુજજત છે અને તારા શહેરોમાં તારા અમીન છે.

صَلٰوةً كَثِيرَةً دَآئِمَةً

(તેઓ દરેક ઉપર) અનંત અને નિરંતર સલવાત મોકલ

اَللّٰهُمَّ وَصَلِّ عَلٰى وَلِيِّ اَمْرِكَ الْقَآئِمِ

الْمُؤَمَّلِ وَالْعَدْلِ الْمُنْتَظَرِ وَحُفَّهُ

بِمَلَآئِكَتِكَ الْمُقَرَّبِيْنَ

અય અલ્લાહ ! અને સલવાત મોકલ તારા વલીએ અમ્ર પર જે કયામ કરનારા છે અને જેમની સાથે ઉમ્મીદ જોડાયેલી છે અને તે ન્યાયી (ઈમામ) જેમની રાહ જોવામાં આવી રહી છે અને તેમને મુકર્રબ (માનવંત) ફરિશ્તાઓ ઘેરાવમાં લઈ લે.

وَاَيِّدْهُ بِرُوْحِ الْقُدُسِ

અને રૂહુલ કુદુસ મારફત તેમની સહાય કર,

يَا رَبَّ الْعَالَمِيْنَ

અય દુનિયાઓના પરવરદીગાર !

اَللّٰهُمَّ اجْعَلْهُ الدَّاعِيَ اِلٰى كِتَابِكَ

وَالْقَآئِمَ بِدِيْنِكَ

અય અલ્લાહ ! તેમને તારી કિતાબ તરફ બોલાવનાર અને તારા દીનની સાથે કયામ કરનાર બનાવ.

اسْتَخْلِفْهُ فِي الْاَرْضِ كَمَا اسْتَخْلَفْتَ

الَّذِيْنَ مِنْ قَبْلِهِ

તેમને પૃથ્વી પર એવી રીતે ખલીફા બનાવી દે, જે રીતે તે અગાઉના લોકોને (પયગમ્બરો અને ઈમામોને) બનાવ્યા હતા.

مَكِّنْ لَهُ دِيْنَهُ الَّذِي ارْتَضَيْتَهُ لَهُ

તેમના માટે આ દીન (ઈસ્લામ)ને પ્રભુત્વશાળી બનાવી દે, જે દીનને તેમના માટે પસંદ કર્યો છે.

اَبْدِلْهُ مِنْ بَعْدِ خَوْفِهِ اَمْناً يَعْبُدُكَ لاٰ

يُشْرِكُ بِكَ شَيْئاً

તેમના ખૌફને અમન (શાંતિ)માં ફેરવી દે, જેથી ફકત તારી જ ઈબાદત થાય અને કોઈ ચીજને તારી શરીક બનાવવામાં ન આવે.

اَللّٰهُمَّ اَعِزَّهُ وَاَعْزِزْ بِهِ وَانْصُرْهُ وَانْتَصِرْ بِهِ

અય અલ્લાહ ! તેમને શકિત અતા કર અને તેમના થકી બીજાઓને પણ શકિત અતા કર,

અને તેમની મદદ કર અને તેમના થકી બીજાઓથી ઈન્તેકામ લે.

وَانْصُرْهُ نَصْراً عَزِيْزاً وَافْتَحْ لَهُ فَتْحاً يَسِيْراً

અને તેમને અપરાજિત મદદ અતા કર અને તેમને આસાન અને સરળ વિજય અતા કર

وَاجْعَلْ لَهُ مِنْ لَدُنْكَ سُلْطَاناً نَصِيْراً

અને તેમને અતા કર તારા તરફથી મદદરૂપ સત્તા

اَللّٰهُمَّ اظْهِرْ بِهِ دِيْنَكَ وَسُنَّةَ نَبِيِّكَ

અય અલ્લાહ ! તેમના વડે તારા દીન અને તારા નબી (સ.અ.વ.)ની સુન્નતને જાહેર કર

حَتّٰى لَا يَسْتَخْفِيَ بِشَيْءٍ مِنَ الْحَقِّ

مَخَافَةَ اَحَدٍ مِنَ الْخَلْقِ

ત્યાં સુધી કે હક કોઈપણ મખ્લૂકથી તેના ડરના લીધે છુપાએલુ ન રહે

اَللّٰهُمَّ اِنّٰا نَرْغَبُ اِلَيْكَ فِيْ دَوْلَةٍ كَرِيْمَةٍ

અય અલ્લાહ ! ખરેખર અમો તારી પાસે ઈઝઝતવાળા એ રાજયની ઈચ્છા ધરાવીએ છીએ

تُعِزُّ بِهَا الْاِسْلَامَ وَاَهْلَهُ وَتُذِلُّ بِهَا النِّفَاقَ وَاَهْلَهُ

જેના વડે ઈસ્લામ અને ઈસ્લામવાળાને ઈઝઝત પ્રાપ્ત થાય અને નિફાક (દંભ) અને નિફાક રાખનારાઓ અપમાનિત થાય

وَتَجْعَلُنَا فِيهَا مِنَ الدُّعَاةِ اِلٰى طَاعَتِكَ

وَالْقَادَةِ اِلٰى سَبِيلِكَ

અને અમને તેમાં તારી ઈતાઅત તરફ બોલાવનારા અને તારા માર્ગના રેહબર બનાવી દે

وَتَرْزُقُنَا بِهَا كَرَامَةَ الدُّنْيَا وَالْاٰخِرَةِ

અને તેમના વડે અમને દુનિયા અને આખેરતની કરામત (ઈઝઝત) અતા કર.

اَللّٰهُمَّ مَا عَرَّفْتَنَا مِنَ الْحَقِّ فَحَمِّلْنَاهُ

અય અલ્લાહ ! તે જે કાંઈ સત્ય (હક)
બાબતોની ઓળખ કરાવી આપી છે તેને
સ્વીકારી લેવાની શકિત અતા કર !

وَمَا قَصُرْنَا عَنْهُ فَبَلِّغْنَاهُ

અને જેના સુધી અમે નથી પહોંચી શકયા, ત્યાં
અમને પહોંચાડી દે.

اَللّٰهُمَّ الْمُمْ بِهٖ شَعَثَنَا وَاشْعَبْ بِهٖ
صَدْعَنَا

અય અલ્લાહ ! ઈમામ અ.સ.ના વડે અમારા વિખેરાયેલા કાર્યોને સુવ્યવસ્થિત બનાવી દે અને અમારી તિરાડોને ભરી દે

وَارْتُقْ بِهِ فَتْقَنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારા વિખેરાયેલા કાર્યોને ગોઠવી દે

وَكَثِّرْ بِهِ قِلَّتَنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારી ઓછી સંખ્યાને વધારેમાં ફેરવી નાખ

وَاَعْزِزْ بِهِ ذِلَّتَنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારી ઝીલ્લતને
ઈઝઝતમાં ફેરવી દે

وَاَغْنِ بِهِ عَآئِلَنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારી ગરીબીને
અમીરીમાં ફેરવી દે

وَاقْضِ بِهِ عَنْ مُغْرَمِنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારા કર્ઝને અદા કરી દે

وَاجْبُرْ بِهِ فَقْرَنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારી ફકીરીને દૂર કરી દે

وَسُدَّ بِهِ خَلَّتَنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારી હાજતોને પૂરી કરી દે

وَيَسِّرْ بِهِ عُسْرَنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારી તંગીને દૂર કરી દે

وَبَيِّضْ بِهِ وُجُوهَنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારા ચહેરા નૂરાની બનાવી દે

وَفُكَّ بِهِ اَسْرَنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારા કૈદીઓને
કૈદમાંથી મુકિત આપ

وَاَنْجِحْ بِهِ طَلِبَتَنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારી માંગણીઓને
સફળતા આપ

وَاَنْجِزْ بِهِ مَوَاعِيْدَنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારા વાયદાઓને
પરિપૂર્ણ બનાવી દે

وَاسْتَجِبْ بِهِ دَعْوَتَنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારી દોઆઓને કબૂલ કર

وَاَعْطِنَا بِهِ سُؤْلَنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારી માંગણીઓને પૂરી કર.

وَبَلِّغْنَا بِهِ مِنَ الدُّنْيَا وَالْاٰخِرَةِ اٰمَالَنَا

અને ઈમામ અ.સ.ના વડે અમને અમારી દુનિયા અને આખેરતની ઉમ્મીદો સુધી પહોંચાડી દે

وَاَعْطِنَا بِهِ فَوْقَ رَغْبَتِنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારી અપેક્ષા કરતાં ઘણુ વધારે અતા કર

يَا خَيْرَ الْمَسْؤُوْلِيْنَ

જેની પાસે માંગણી કરવામાં આવે છે, તેમાં સૌથી શ્રેષ્ઠ !

وَاَوْسَعَ الْمُعْطِيْنَ

અને અય સૌથી વધારે અતા કરનાર !

اشْفِ بِهِ صُدُوْرَنَا

ઈમામ અ.સ.ના વડે અમારા દિલોને શિફા અતા કર

وَاَذْهِبْ بِهِ غَيْظَ قُلُوْبِنَا

અને ઈમામ અ.સ.ના વડે અમારા દિલોના ગઝબને દૂર કરી દે

وَاهْدِنَا بِهِ لِمَا اخْتُلِفَ فِيْهِ مِنَ الْحَقِّ

بِاِذْنِكَ

જે હક (સત્ય) બાબતોમાં વિરોધાભાસ (ઈખ્તેલાફ) કરવામાં આવ્યો છે, તેમના વડે તારી પરવાનગીથી અમને હિદાયત આપ

اِنَّكَ تَهْدِيْ مَنْ تَشَآءُ اِلٰى صِرٰاطٍ مُسْتَقِيْمٍ

બેશક તુ જેને ચાહો તેને સીધા રસ્તા (સીરાતે મુસ્તકીમ)નું માર્ગદર્શન આપો છો.

وَانْصُرْنَا بِهِ عَلٰى عَدُوِّكَ وَعَدُوِّنَا

અને ઈમામ અ.સ.ના વડે અમને તારા અને અમારા દુશ્મનો સામે મદદ અતા કર.

اِلٰهَ الْحَقِّ اٰمِیْنَ

અય સાચા મઅબૂદ ! આમીન ! (અમારી દોઆઓ કબૂલ કર !)

اَللّٰهُمَّ اِنَّا نَشْكُوْ اِلَيْكَ فَقْدَ نَبِيِّنَا

صَلَوَاتُكَ عَلَيْهِ وَاٰلِهِ

અય અલ્લાહ ! ખરેખર અમો ફરીયાદ કરીએ છીએ તારા નબી (મોહમ્મદ સ.અ.વ.)ના ન હોવાની

وَغَيْبَةَ وَلِيِّنَا

અને અમારા વલીની ગયબતની

وَكَثْرَةَ عَدُوِّنَا

અને અમારા દુશ્મનો વધારે હોવાની

وَقِلَّةَ عَدَدِنَا

અને અમારી સંખ્યા ઓછી હોવાની

وَشِدَّةَ الْفِتَنِ بِنَا

અને ફીત્નાઓ અત્યંત સખત હોવાની

وَتَظَاهُرَ الزَّمَانِ عَلَيْنَا

અને ઝમાનાના અમારી વિરૂધ્ધ એક થઈ જવાની

فَصَلِّ عَلٰى مُحَمَّدٍ وَاٰلِهِ

પછી ! સલવાત મોકલ મોહમ્મદ (સ.અ.વ.) અને તેમના વંશજો પર

وَاَعِنَّا عَلٰى ذٰلِكَ بِفَتْحٍ مِنْكَ تُعَجِّلُهُ

અમારી મદદ કર એવી કામિયાબી વડે જે તુ
અમને જલ્દી અતા કર

وَبِضُرٍّ تَكْشِفُهُ وَنَصْرٍ تُعِزُّهُ وَسُلْطَانٍ
حَقٍّ تُظْهِرُهُ

અમારા નુકસાનોને દૂર કરીને, એવી મદદ થકી
જે પ્રભુત્વશાળી હોય અને હક (સત્ય)ના
સામ્રાજય થકી જેને તુ જાહેર કર

وَرَحْمَةٍ مِنْكَ تُجَلِّلُنَاهَا وَعَافِيَةٍ مِنْكَ تُلْبِسُنَاهَا

અને તારી રહમતના વસીલાથી તુ અમને તેમાં ઢાંકી દે અને આફેયત (સલામતી) વડે, જેનો પોશાક તું અમને પહેરાવી દે

بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ

તારી રહમત વડે, અય સૌથી વધારે